નરેન્દ્ર મોદી ૧૯-૨૦ ઓક્ટોબરે ગુજરાત આવશે

૧૯ ઓક્ટોબરે રાજકોટમાં વડાપ્રધાનનો રોડ શો યોજાશે : રેસકોર્સ મેદાન ખાતે મોટી જનસભા સંબોધશે

અમદાવાદ, તા.૧૭

ગુજરાત વિધાનસભા ચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે તેમ-તેમ કેન્દ્રીય નેતાઓના પ્રવાસ પણ વધી ગયા છે, ત્યારે વડાપ્રધાન મોદી ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવશે. પ્રધાનમંત્રી મોદી ૧૯ ઓક્ટોબરના રોજ રાજકોટના પ્રવાસે આવશે. તેઓ રાજકોટને ત્રણ ઓવરબ્રિજની ભેટ આપશે. ૧૯ ઓક્ટોબરે રાજકોટમાં વડાપ્રધાન મોદીનો રોડ શો યોજાશે. રાજકોટ એરપોર્ટથી રેસકોર્ષ સુધી પ્રધાનમંત્રી મોદીનો રોડ શો યોજાશે. સાથે રાજકોટવાસીઓને વિકાસની ભેટ પણ આપશે. રાજકોટમાં વડાપ્રધાન વિશાળ જનસભાને સંબોધશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૯મી ઓક્ટોબરના રોજ જૂનાગઢ અને રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે, ત્યારે જૂનાગઢમાં સભા સંબોધિત કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ શહેરની મુલાકાતે આવશે. રાજકોટ શહેરની મુલાકાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી રહ્યા છે ત્યારે તેઓ રાજકોટના રેસકોર્સ મેદાન ખાતે મોટી જનસભા પણ સંબોધવાના છે. અંદાજિત દોઢ લાખ લોકો બેસી શકે તે માટે જુદા જુદા પાંચ જેટલા જર્મન ટેકનોલોજીના ઉપયોગથી ડોમ પણ બનાવવામાં આવ્યા છે. ત્યારે આજ રોજ સંગઠન મહામંત્રી વિનોદ ચાવડા, રાજ્ય સરકારના મંત્રી અરવિંદ રૈયાણી, સાંસદ રામભાઈ મોકરીયા, સૌરાષ્ટ્ર ભાજપ પ્રવક્તા રાજુ ધ્રુવે તેમજ કલેકટર અરુણ મહેશ બાબુ સહિતનાઓએ સભા સ્થળની મુલાકાત લીધી હતી.

મીડિયા સાથેની વાતચીતમાં અરવિંદ રૈયાણીએ જણાવ્યું હતું કે, જૂનાગઢથી સભા પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંદાજિત ૫ વાગ્યા આસપાસ રાજકોટ આવી પહોંચશે. રાજકોટ એરપોર્ટ ખાતેથી રાજકોટ પોલીસ હેડ ક્વાર્ટર સુધી અંદાજિત સવા કિલોમીટરનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રોડ શો રહેશે. જ્યારે મનિષ સિસોદિયાએ કરેલા ટ્વિટ અંગે પ્રશ્ન પૂછતા અરવિંદ રૈયાણીએ નિવેદન આપવાનું ટાળ્યું હતું.

૧૯ ઓક્ટોબરના કાર્યક્રમ

● વડાપ્રધાન મોદી ૯.૩૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચશે ● એરપોર્ટથી મહાત્મા મંદિર જશે ● પ્રધાનમંત્રી મોદી ડિફેન્સ એક્સપોની કરાવશે શરૂઆત ● અડાલજ મંદિરની લેશે મુલાકાત ● મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગતના કાર્યક્રમમાં લેશે ભાગ ● અમદાવાદ એરપોર્ટથી રાજકોટ જશે ● પ્રધાનમંત્રી રાજકોટથી જૂનાગઢ જશે ● જૂનાગઢમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ, ખાતમૂહુર્ત કરશે ● પ્રધાનમંત્રી જૂનાગઢમાં જંગી જનસભાને સંબોધશે ● પ્રધાનમંત્રી જૂનાગઢથી રાજકોટ જશે ● રાજકોટમાં રોડ શો કરશે ● પ્રધાનમંત્રી સરકારી કાર્યક્રમમાં હાજરી આપશે ● રાજકોટથી ગાંધીનગર રાજભવન આવશે ● રાત્રી રોકાણ રાજભવનમાં કરશે

૨૦ ઓક્ટોબરના કાર્યક્રમ

● સવારે કેવડિયા જશે ● વિદેશ મંત્રાલયના વાર્ષિક કોન્ફરન્સમાં લેશે ભાગ ● સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રીની હાજરીમાં યોજાનારા કાર્યક્રમમાં આપશે હાજરી ● પ્રધાનમંત્રી કેવડિયાથી વ્યારા જશે ● વ્યારામાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ, ખાતમૂહુર્ત કરશે ● વ્યારા ખાતે જનસભા સંબોધશે ● પ્રધાનમંત્રી વ્યારાથી સુરત એરપોર્ટ જવા રવાના થશે ● પ્રધાનમંત્રી સુરતથી દિલ્હી જશે.

નરેન્દ્રભાઈ મોદી ભારતીય સંસ્કૃતિ સમાજ સુધારકના રૂપમાં ઊભર્યા છે : રાજનાથસિંહ

નરેન્દ્ર મોદીના સફળ ૨૦ વર્ષના રાજનીતિક ઇતિહાસમાં સેવા, સુશાસન અને સમર્પણના ભાવ આ પુસ્તક સ્વરૂપે પ્રગટ થયો છે



ગાંધીનગર, તા.૧૭

'મોદી@૨૦: ડ્રીમ્સ મીટ ડિલિવરી' પુસ્તકનું ગુજરાતી સંસ્કરણ 'મોદી@૨૦: સપના થયા સાકાર'નું આજે ગાંધીનગર ખાતે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહના હસ્તે તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય માહિતી-પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગનની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ પુસ્તક વિશે પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, નરેન્દ્ર મોદી વડાપ્રધાનની સાથોસાથ ભારતીય સંસ્કૃતિના પુનરોદ્ધારક-સમાજ સુધારકના રૂપમાં ઊભરી આવ્યા છે. વડાપ્રધાન તરીકે મોદીજીના કાર્યકાળમાં અયોધ્યા ખાતે ભગવાન શ્રી રામ મંદિરના નિર્માણ કાર્યનો પ્રારંભ, કાશી વિશ્વનાથ તેમજ મહાકાલ લોક કોરીડોરનું નિર્માણ તેના ઉત્તમ ઉદાહરણ છે. આ પુસ્તક થકી મોદીજીના કાર્યો રાષ્ટ્રને અર્પણ કરવાનું એક ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. આ પ્રકારના દેશ સેવાના કાર્યો કોઈ સામાન્ય વ્યક્તિ નહી પણ જેના મનમાં સાચો ભાવ હોય તે જ કરી શકે. મોદીજી વર્તમાન જ નહીં પણ આવનારા વર્ષોમાં ભારતની દિશા બદલવા સતત કાર્યરત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે ગુજરાતના પનોત્ર પુત્ર અને વૈશ્વિક નેતા નરેન્દ્રભાઈ મોદીના સફળ ૨૦ વર્ષના રાજનીતિક ઈતિહાસમાં સેવા, સુશાસન અને સમર્પણના ભાવથી દેશવાસીઓ માટે જે સેવાનો ભાવ છે.

ડીસામાં વિશાળ જાહેર સભાને સંબોધન

સીટો એટલી બધી આવવી જોઈએ કે દિલ્હી અને પંજાબનો રેકોર્ડ તૂટી જાય: કેજરીવાલ

કોંગ્રેસીઓએ તેમના કાર્યાલય બહાર બોર્ડ લગાવવું જોઈએ કે "અમારા ધારાસભ્યો સસ્તામાં વેચાય છે" : ભગવંત માન

ડીસા, તા.૧૭

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનજી ગઈકાલે તેમની બે દિવસીય મુલાકાતે ગુજરાત આવ્યા હતા. અરવિંદ કેજરીવાલજી અને ભગવંત માનજીએ ગઈકાલે ભાવનગરમાં એક વિશાળ જનસભાને સંબોધી હતી અને આજે મહેસાણા જિલ્લાના ઊંઝા શહેરમાં વિશાળ જનસભાને સંબોધી હતી અને ત્યારબાદ બનાસકાંઠાના ડીસામાં જનસભાને સંબોધવા માટે પહોંચ્યા હતા.

અરવિંદ કેજરીવાલે બનાસકાંઠાના ડીસામાં જાહેર સભામાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું કે, અહીં પરિવર્તન માટે લાખોની સંખ્યામાં જેટલા પણ લોકો આવ્યા છે એ સૌનો આભાર માનું છું અને હું તે સૌને વચન આપુ છું કે ગુજરાતમાં સરકાર બન્યા પછી હું તમારા પ્રેમનું એક-એક ઋણ ચુકાવીશ, તમારા બાળકોનું ભવિષ્ય બનાવીશ. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનજી આજે ૨ દિવસની ગુજરાત મુલાકાત પહોંચ્યા છે. કેજરીવાલે સભાને સંબોધતા જણાવ્યું કે જ્યારે ડિસેમ્બરમાં આમ આદમી પાર્ટીની સરકાર બનશે, ત્યારે સૌથી પહેલું કામ ભ્રષ્ટાચારને નાબૂદ કરવાનું કરીશું. મને એક વ્યક્તિએ જણાવ્યું હતું કે ગુજરાતનાં એક ધારાસભ્ય છે, જેમણે છેલ્લી ચૂંટણી લડી હતી એ વખતે તેમની જમીન ૪ એકર હતી. આજે ૫ વર્ષ પછી તેમની જમીન ૧૦૦૦ એકર થઈ ગઈ છે. આ જમીન ક્યાંથી આવી? હવે દિલ્હી અને પંજાબમાં લોકોના ઝીરો બિલ આવે છે. દિલ્હીમાં ૪૨ લાખ લોકોનું વીજળી બિલ ઝીરો આવે છે અને પંજાબમાં ૫૦ લાખ લોકોનું વીજળી બિલ ઝીરો આવે છે. ડિસેમ્બરમાં આમ આદમી પાર્ટીની સરકાર બનશે અને ૧ માર્ચથી ગુજરાતની જનતાના વીજળીના બિલ ઝીરો પર આવવા લાગશે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનજીએ કહ્યું કે, અમે અહીં કોઈ ચુગલી કરવા નથી આવ્યા અને ન તો તમને દિવાસ્વપ્નો બતાવવા આવ્યા છીએ. અમે ફકત તમારા બાળકોના શિક્ષણ, તમારા પરિવારના રોજગારની અને સારવાર વિશેની વાત કરવા આવ્યા છીએ. અમે બીજી પરંપરાગત પાર્ટી જેવા નથી.

વિદ્યાપીઠમાં કુલપતિની નિમણૂકથી નારાજ ટ્રસ્ટીઓ પૈકી ૮ના રાજીનામાં

અમદાવાદ,તા.૧૭

ગૂજરાત વિદ્યાપીઠમાં કુલપતિ તરીકે આચાર્ય દેવવ્રતની પસંદગી કરવામાં આવી છે, જેને લઈને વિદ્યાપીઠમાં વિવાદ ચાલી રહ્યો છે. વિદ્યાપીઠના ટ્રસ્ટીઓ પૈકી ૮ ટ્રસ્ટીઓએ રાજીનામાં આપ્યા છે, જોકે હજુ રાજીનામાં સ્વીકારવામાં આવ્યા નથી. અન્ય ટ્રસ્ટીઓ દ્વારા રાજીનામાં આપનાર ટ્રસ્ટીઓ સંવાદ કરશે, જે બાદ નિર્ણય કરવામાં આવશે.

ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટીઓમાંથી સુદર્શન આયંગર, મંદા પરીખ, કપિલ શાહ, માઈકલ મઝગાવકર, ઉત્તમ પરમાર, ચૈતન્ય ભટ્ટ, અનામીક શાહ અને નીતા હારડીકર નામના ૮ ટ્રસ્ટીઓએ રાજીનામાં આપ્યા છે. કુલપતિની નિમણૂકથી નારાજગી હોવાને કારણે રાજીનામાં આપ્યા છે તથા કુલપતિની નિમણૂકને લઈને રોષ પણ ઠાલવ્યો છે. જેમાં લખ્યું છે કે, કુલપતિની પસંદગી બાબતે પહેલાં અધિકારીક મારફતે અમુક ધર્મની ના હોય, અમુક વ્યક્તિ વિરોધી ના હોય એવા માપદંડ બતાવી અને આખરે મંત્રી અને પક્ષના કાર્યકરો મારફતે અમુક વ્યક્તિ પસંદ થાય, ન વિદ્યાપીઠના પ્રશ્નો સાંભળવામાં આવશે તેવી શરત મૂકવામાં આવી છે. ૧૦૨ વર્ષના ઈતિહાસમાં અભૂતપૂર્વ મૌખિક દબાણ શરૂ થયું છે.

આચાર્ય દેવવ્રત અંગે ટિપ્પણી કરતા જણાવ્યું છે કે, સરકારને ટેકો આપનાર ટ્રસ્ટીઓ અને કાર્યકરોએ ગૂજરાત વિદ્યાપીઠને વિશ્વચોકમાં ક્ષોભમય સ્થિતિમાં મૂકી દીધું છે. શું તેમને ગાંધી વિચારને છેદ દીધો હોય તેવું નથી લાગતું. ગાંધીજીના વિચાર માત્ર પ્રાકૃતિક ખેતી, ગોસંવર્ધન કે કુદરતી ઉપચાર સુધી સમિતિ નથી. અહિંસાના રસ્તાના સર કહેવાની હિંમત જરૂરી છે. તે વિનાનો ગાંધી અધૂરો છે. અંતર આત્માના અવાજને સાંભળી અને અનુસરીને સામુહિક રીતે રાજીનામાં આપવામાં જ શાણપણ સમજીએ છીએ.

ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા યુનિ. ખાતે પદવીદાન સમારોહ યોજાયો

સ્પેશ, સાયબર, અર્થ વ્યવસ્થા, શિક્ષણની સુરક્ષા ખૂબ જરૂરી

ગાંધીનગર,તા.૧૭

કેન્દ્રીય રક્ષા મંત્રી ગુજરાતના પ્રવાસે છે કેન્દ્રીય રક્ષા મંત્રી આજે ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીનો બીજા પદવીદાન સમારોહ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પદવીદામ સમારોહમાં ઝસભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા હતાં. આ પદવીદાન સંમારોહમાં વિવિધ વિદ્યાશાખાના ૩૧૯ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં ૨૩ ડિપ્લોમાં અને ૪૪ PG ડિપ્લોમાના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. તેમજ કેન્દ્રીય રક્ષા મંત્રીના હસ્તે ૧૨૩ UGના, ૧૨૬ PG ના વિદ્યાર્થીઓને ડિગ્રી અને પદવી તેમજ એક એમ.ફીલ અને બે પીએચડી સ્કોલરને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ પદવીદાન સમારોહમાં દેશની સિક્યુરિટી મુદ્દે મોટું નિવેદન આપ્યું હતુંપદવીદાન સમારોહ રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, ગુલામીની માનસિકતા દૂર કરવા આપણે આઝાદી વિશે જાણવું ખૂબ જ જરૂરી છે. તેમણે કહ્યું કે, ભારતની આઝાદી માટે વીરોએ કુરબાની આપી છે તે અમર જવાનો છે. તેમણે દેશની સિક્યુરિટી મુદ્દે જણાવ્યું હતું કે, દેશમાં સિક્યુરિટીમાં અનેક બદલાવ આવ્યા છે. તેમણે આતંકીઓ પર વાત કરતા કહ્યું હતું કે, આતંકીઓને બહારના દેશોમાંથી ફન્ડિંગ મળે છે.

આત્મનાદ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

આવડતું એ વાતની જુનિયરને ખબર પડી જશે તો મારા માટે એ કેવુ વિચારશે ? એક મલ્ટિનેશનલ કંપનીના વરિષ્ઠ મેનેજર એના હાથ નીચેના સિનિયર અધિકારીઓને કંપનીના ફ્રાન્સમાં શરૂ થવા જઈ રહેલા નવા પ્રોજેક્ટ માટે ચર્ચા કરી રહ્યા હતા ત્યારે, તેમણે તેમના અધિકારીઓ પૈકી બે અધિકારી ફ્રાન્સમાં લાંબો સમય કામ કરીને આવ્યાં હતાં તેમની પાસેથી ફ્રાન્સ સરકારની પાલિસી અને ફ્રાન્સના લેબર લૉ, એન્વાયરમેન્ટ અને સંલગ્ન જાણકારી મીટિંગમાં પૂછી. એમના જૂનિયર અધિકારીઓએ આ વરિષ્ઠ મેનેજરને ફ્રાન્સના કામદારોની મેન્ટાલિટી અને સરકારી નિયમોની વિગતવાર જાણકારી પૂરી પાડી. પછી ભાવિ પ્રોજેક્ટનું સરસ મઝાનું પ્લાનીંગ થયું. આ મેનેજર મિત્રને એવો ડર ના લાગ્યો કે, મારા જુનિયર અધિકારીઓ મારી ફ્રાન્સ દેશની ઓછી જાણકારી માટે મારા વિશે શું વિચારશે ? પરિણામ એ આવ્યું કે, મેનેજરનું પ્લાનિંગ કંપનીને ખૂબ ગમ્યું અને એમની આખી ટીમને કંપનીએ શિરપાવ આપ્યો.

જો મેનેજર સાહેબે એમ વિચાર્યું હોત કે, મારાથી જૂનિયરને આવી વાત ન પૂછાય તો કદાચ સારું પ્લાનિંગ ના થઈ શક્યું હોત. બીજાં શું કહેશે એવા ડરની પેલે પાર જીત હસતી ઉભી જ હોય છે. જ્યારે કોઈપણ કામ કરીએ ત્યારે સહુથી પહેલા વ્યક્તિના મનમાં એવો પ્રશ્ન થાય કે, આ કામમાં હું સફળ થઈશ કે નહીં. મને આ કાર્ય બરાબર ફાવશે કે નહીં ? આવા નકારાત્મક ખ્યાલો કાર્યની સાથે સાથે ચાલતા હોય છે. પરિણામે જિંદગીમાં પછડાટ અનુભવાય. કામ કરવાની સાથે સાથે વિરુદ્ધ દિશામાં નરાકારાત્મક વિચારો કામને અવશ્ય પ્રભાવિત કરે જ કરે. અને કદાચ કામ થોડું ઓછું પ્રભાવિત થાય તો પણ કામનો જે સંપૂર્ણ આનંદ મળવો જોઈએ એ તો ન જ મળે. કામ કરતાં કરતાં ભૂલ થાય તો શું થાય ? આ પ્રકારનો ડર મનમાંથી સમૂળગો ઉખાડીને ફેંકી દેવો જોઈએ. એક મિનિટ વિચારી જૂઓ કે કોઈપણ કાર્યની ભૂલ થઈ તો શું કાર્ય ફરી નહીં કરી શકાય. સંભવતઃ ફરી જ્યારે એ કાર્ય કરવામાં આવે ત્યારે વધુ સારી સમજ અને અનુભવના પરિપાકથી ૧૦૦ ટકા સારું પરિણામ પ્રાપ્ત થશે. ભૂલ ન જ થાય એવો મિસ્ટર પર્ફેક્સનિસ્ટ બનવાની ચાહત ડરનું જન્મસ્થળ છે.

ડરથી ડરવાનો અર્થ નથી. ડરને કીક મારીને એની પર કાબુ મેળવવામાં મજા છે. નથી બન્યું એ ઘટનાનો મનમાં ભય પોષીને મસ્તીથી જીવાતા જીવન ઉપર હાથે કરીને પાણો નાખવાનું ના ચલાવી લેવાય. જેનાથી નિષ્ફળતાનો સૌથી વધુ ડર લાગતો હોય એવુ કામ સૌથી પહેલાં અને બેધડક કરવુ જોઈએ. કામ કરતાં કરતાં ભૂલ થાય તો શું થશે ? એવો ડર મનમાંથી સમૂળગો ઉખાડીને ફેંકી દેવો જોઈએ. ડરપોક વ્યક્તિઓ જ ઘેટાંની જેમ બીજાઓએ ચાતરેલા ચીલા પર ચાલે છે.

ધબકાર :

ભૂલ ન જ થાય એવા મિસ્ટર કે મીસ 'પરફેક્ટનીસ્ટ' બનવાની ચાહત ડરનું જન્મસ્થળ છે.

ટ્રાફિક જામ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થવાનું છે જેના કારણે પણ ટ્રાફિકની પરિસ્થિતિ ડામાડોળ થવાની શક્યતા છે. આજે પાટનગરમાં ડિફેન્સ એક્સપો ઉપરાંત હોટેલ લીલા ખાતે "મોદીજ૨૦" પુસ્તક વિમોચન કાર્યક્રમ તેમજ સિવિલ હોસ્પિટલ કેમ્પસના મેડિકલ ઓડિટોરિયમ ખાતે યોજાયેલાં આયુષ્યમાન કાર્ડના વિતરણ કાર્યક્રમને પગલે સતત વીવીઆઈપીઓ અને વીઆઈપીઓની ચહલપહલ રહી હતી. આ સાથે ડિફેન્સ એક્સપોની તૈયારીઓ કરી રહેલાં સ્ટોલધારકોના માલસામાનની હેરાફેરી વગેરેના કારણે શહેરના માર્ગો પર ટ્રાફિકમાં ભયંકર વધારો જોવા મળ્યો હતો. આગામી પાંચ દિવસ ચાલનારા ડિફેન્સ એક્સપો શહેરમાં હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર અને મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમો યોજાશે તેમજ દેશ-વિદેશથી મહાનુભાવો અને ડેલિગેટ્સ ઉમટી પડશે જેના કારણે શહેરમાં ટ્રાફિકમાં ભારે વધારો થશે. ડિફેન્સ એક્સપોને કારણે બંધ કરવામાં આવેલાં મુખ્ય માર્ગોને પગલે ડાયવર્ટ કરાયેલાં રૂટ પર નિયમિત વાહનચાલકોનો ઝોક વધી જતાં ત્યાં પણ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાવાની છે તે સ્પષ્ટ જણાઈ આવે છે.

ફરી ગાબડું ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાટનગર યોજના વિભાગના અધિક્ષક ઈજનેર સહિત તંત્ર દોડધામમાં પડી ગયું હતું. ઈજનેરી સુત્રોમાંથી જાણવા મળ્યા પ્રમાણે ભંગાણ પડ્યું છે, તે મેઈન ગટર લાઈન સાથે જ વાવોલ વિસ્તારમાંથી પસાર થતી ગટર લાઈનું જોડાણ પણ આપવામાં આવેલું છે. ભૂર્ગભમાં ૩૦ ફૂટ નીચે મેઈન લાઈન આવેલી હોવાથી આ સમારકામ અત્યંત કપરૂ બની રહેવાની સાથે ખુબ જોખમી પણ બની રહ્યું છે. દિવસ દરમિયાન ગટર લાઈનમાં ગંદા પાણીનો પ્રવાહ અવિરત વહેતો રહેતો હોવાથી અને ભંગાણ પડ્યું છે, તે મેઈન લાઈન હોવાથી સમારકામ કરવા દરમિયાન જ અકસ્માત થઈ શકે તેમ હોવાથી રાત્રીના ૧૨ વાગ્યાથી સવારે ૪ વાગ્યા દરમિયાન આ કામ પુરુ કરવા ઈજનેરો દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યુ હતું. ગંદા પાણીનો નિકાલ કરવા માટે પાંચ પમ્પ, પાંચ જનરેટર, ૩ડી અને ૪ડી જેસીબી, સુપર શકર મશીન, જેટિંગ મશીન, હિટાચી મશીન, બે ફાઈટર અને ટ્રેક્ટર સહિતના સાધનો સાથે અધિક્ષક ઈજનેરના સીધા માર્ગદર્શનમાં ઈજનેરો પણ કામે લાગ્યા છે

૭૦ પોલ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધ્યો છે આ વિસ્તારની સોસાઈટીના રહેવાસીઓ દ્વારા પણ ઘણા સમયથી મુખ્ય માર્ગ પર સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા માટે છેક સરકાર સુધી રજુઆતો કરવામાં આવી હતી. આખરે વાઈબ્રન્ટ સમિટ આવવાની સાથે આ રજુઆતો ધ્યાને લેવામાં આવી છે જેને અનુલક્ષીને લાઈટના નવા પોલસ નાખવાનું આયોજન કરાયું હતું. તેના પાછળ રૂપિયા ૪૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ મુકવામાં આવતા સરકાર દ્વારા મંજુરી પણ આપી દેવામાં આવી છે.

નબળો પ્રતિસાદ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વખતની લ્હેરમાં હોસ્પિટલાઈઝેશન રેટ અને ડેથ રેટ નહિવત્ રહેવા પામ્યો છે. રિકવરી રેટ પણ ૯૭ ટકાને પાર કરી ગયો છે. જો કે લોકો કોરોના ગાઈડલાઈનના પાલનમાં પણ બેફિકરા બન્યા છે એટલુ જ નહિ વેક્સિનેશન અભિયાન પ્રત્યે પણ વધુ ઉદાસીન બન્યા છે. સરકારે આઝાદી કા અમૃત મહોત્સવ પર્વની ઉજવણીને ધ્યાને રાખી મફત પ્રિકોશન ડોઝ આપવાની જાહેરાત પછી શરૂઆતમાં લોકોએ સારો પ્રતિસાદ આપ્યો હતો પરંતુ ધીમે ધીમે તેમાં ઓટ આવી છે. હવે આ અભિયાને તંત્ર માટે ચિંતાનો મુદ્દો બનેલ છે. વેક્સિનેશન અભિયાનને વેગીલુ બનાવવા માટે હવે રણનીતિ તૈયાર કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે જે દિપાવલી પર્વ પછી અમલમાં આવશે તેવા સંકેતો તંત્રના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

સંકટમાં ● અનુસંધાન પહેલાનું ચાલુ

બુકીઓના 'ઓડ્સ એગ્રીગેટર'એ દર્શાવ્યું હતું કે, ૪૨ વર્ષીય ઋષિ સુનક ૪૭ વર્ષીય ટ્રૂસની જગ્યા લેવા માટેની ફેવરિટ રેસમાં સૌથી આગળ છે. સુનકની ટીમની નજર બ્રિટનના રાજકારણમાં સૌથી નોંધપાત્ર રાજકીય પુનરાગમન ઉપર છે.

રોજગારી/સ્વરોજગારી મેળવવા ઉજળી તકો પ્રદાન કરતી ડબલ એન્જિન સરકાર

કારીગર તાલીમ યોજના (સી.ટી.એસ.):

● રાજય તથા રાષ્ટ્રમાં વિવિધ ક્ષેત્રોમાં વર્તમાન સમયગાળામાં ઔધોગિકરણનો વ્યાપ વધી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય કંપનીઓ પણ દેશમાં ઉધોગો સ્થાપી રહી છે. નવા નવા ક્ષેત્રો ઉભરી રહ્યા છે. આવા સંજોગોમાં વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવી વ્યવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરનાર ઉમેદવાર માટે રોજગારી/સ્વરોજગારી મેળવવાની વધુ ઉજળી તકો રહેલી છે.

● આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિવિધ ઉધોગો અને સેવાક્ષેત્રને કુશળ માનવબળ ઉપલબ્ધ કરાવવાનો છે. તેમજ જુદા જુદા ક્ષેત્રે વિકસતી જતી ટેકનોલોજીને અનુરૂપ ઉમેદવારોને તાલીમ આપી રોજગારી/સ્વરોજગારી મેળવવામાં સહાયભૂત થવાનો છે. કારીગર તાલીમ યોજના હેઠળ નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ (NCVT) પેટર્નના રાષ્ટ્રીય કક્ષાના વ્યવસાયો તેમજ રાજયકક્ષાના ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ (GCVT/SCVT) પેટર્ન હેઠળના વ્યવસાયો સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓ (ITI), ગ્રાન્ટ ઈન એઈડ, ઔધોગિક તાલીમ કેન્દ્રો (GIA), સ્વનિર્ભર ઓ.તા.કેન્દ્રો (SF) ખાતે કાર્યરત છે.

● રાજયમાં કારીગર તાલીમ યોજના હેઠળ ઉત્તરોત્તર વધારો થતાં સને ૨૦૨૧-૨૨માં કુલ-૫૯૫ (૨૮૮-સરકારી ITI, ૧૧૧ ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.સી અને ૧૯૬ સ્વનિર્ભર ઔધોગિક તાલીમ કેન્દ્રો) માં કુલ ૨,૧૯,૩૦૦ બેઠકો સાથે કાર્યરત છે. આમ છેલ્લા ૨૦ વર્ષમાં કુલ-૩૨૧ આઈ.ટી.આઈ./ આઈ.ટી.સી.માં ૧,૦૭,૧૬૬ બેઠકોનો વધારો થયેલ છે.

● રાજયમાં મહિલાઓ માટે કુલ ૩૦ (૨૫-સરકારી, ૦૩-ગ્રાન્ટ ઈન એઈડ અને ૦૨-સ્વનિર્ભર સંસ્થાઓ) મહિલા ઔધોગિક તાલીમ સંસ્થાઓ કાર્યરત છે. આ ઉપરાત રાજયની ૪૮ આઈ.ટી.આઈમાં મહિલા વીંગ શરુ કરવામાં આવેલ છે. આમ, સને ૨૦૨૧-૨૨ માં કુલ- ૭૮ આઈ.ટી.આઈ.માં ૧૧૬૧૨ બેઠકો મહિલાઓ માટે મંજૂર થયેલ છે. વધુમાં રાજયની તમામ આઈ.ટી.આઈ.માં મહિલાઓ માટે ૩૩% બેઠકો અનામત રાખવામાં આવે છે.

● અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/ ઓબીસીના તાલીમાર્થીઓને માસિક રૂ.૪૦૦/- અને અન્ય જાતિના તાલીમાર્થીઓને માસિક રૂ.૨૦૦/- નું સ્ટાઈપેન્ડ ડાયરેકટ બેનિફીટ ટ્રાન્સફર (DBT) ના માધ્યમથી તાલીમાર્થીના બેંક એકાઉન્ટમાં સીધેસીધી ચુકવવામાં આવે છે.

● વર્ષ : ૨૦૧૧-૧૨ થી ધો. ૮ પછી ૨ વર્ષનો આઈ.ટી.આઈ. માન્યતા પ્રાપ્ત કોર્ષ કરનારને ધો.૧૦ સમકક્ષ અને ધો.૧૦ પછી ૨ વર્ષનો આઈ.ટી.આઈ. કોર્ષ કરનારને નિયત શરતોને આધીન રહીને ધો.૧૨ સમકક્ષ (શૈક્ષણિક/નોકરીના હેતુસર) જાહેર કરવામાં આવેલ છે.

નેશનલ એપ્રેન્ટીશીપ તાલીમ યોજના :-

● એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧નો અમલ ગુજરાત રાજયમાં સને.૧૯૬૩ થી થયેલ છે. રાજયના બેરોજગાર યુવાનોને ઔધોગિક વાતાવરણમાં તાલીમ આપી, સ્વરોજગારક્ષમ બનાવવાનો હેતુ છે. સાથોસાથ રાજયની બેરોજગારીની વિકટ સમસ્યાને હળવી બનાવવામાં સહાયભુત થવા માટેનો છે.

● **એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાનો હેતુ :-** રાષ્ટ્રના વિવિધ એકમોના વ્યવસાયોમાં એકમોની જરૂરીયાત મુજબ યુવાનોને તાલીમ આપી, તેઓની રોજગારીની તકો વધારવી તથા ઔધોગિક એકમોના ઉત્પાદનની ગુણવત્તા તથા જથ્થાનુ પ્રમાણ વધે અને તે દ્વારા રાષ્ટ્ર સમૃધ્ધ બને તે આ અધિનિયમનો હેતુ છે.

છેલ્લા ૨૦ વર્ષ દરમ્યાન ગુજરાતમાં એપ્રેન્ટીસશીપ તાલીમ કાર્યક્રમના પ્રગતિની વિગતો:-

● વર્ષ ૨૦૦૧-૦૨ દરમ્યાન કુલ ૪૨૪૧ એકમો એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોધાયેલા હતા. જે વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં રાજયના ૨૯,૩૭૮ એકમોને એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧ હેઠળ આવરી લેવામાં આવેલ છે. આમ છેલ્લા ૨૦ વર્ષોમાં એકમોને એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧ હેઠળ આવરી લેવાની કામગીરીમાં ૭ ગણો વધારો થયેલ છે.

● વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન સમગ્ર દેશના ૧,૩૬,૩૦૨ એકમોને એપ્રેન્ટીસ અધિનિયમ-૧૯૬૧ હેઠળ આવરી લેવામાં આવેલ છે. જે પૈકી ગુજરાત ૨૯,૩૭૮ એકમો સાથે ૨૨%ના ભાગ સાથે સમગ્ર દેશમાં પ્રથમ છે.

● વર્ષ ૨૦૦૧-૦૨ દરમ્યાન રાજયમાં ૧૬,૧૩૨ એપ્રેન્ટીસની ભરતી થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં ૬૦૮૧૫ એપ્રેન્ટીસની ભરતી સંપન્ન કરવામાં આવેલ છે. એપ્રેન્ટીસ ભરતી બાબતે ગુજરાત સમગ્ર ભારતમાં મહારાષ્ટ્ર બાદ દ્વિતીય ક્રમાંકે રહેલ છે.

● વર્ષ ૨૦૦૧-૦૨ દરમ્યાન કુલ એપ્રેન્ટીસ ભરતીમાં મહિલા એપ્રેન્ટીસોની ભાગીદારી ૧.૪૨% હતી. જે વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન એપ્રેન્ટીસ ભરતીમાં મહિલા એપ્રેન્ટીસોની ભાગીદારી ૧૬.૮% છે. આમ, છેલ્લા ૨૦ વર્ષોમાં એપ્રેન્ટીસશીપ તાલીમ કાર્યક્રમમાં મહિલા એપ્રેન્ટીસોનો ૩૪ ગણો વધારો થયેલ છે.

● ભારત સરકારની નેશનલ એપ્રેન્ટીસશીપ પ્રમોશન સ્કિમ (NAPS) યોજનાના હેતુને અનુસરતી "મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના (MATS)" તા.૦૧-૦૪-૨૦૧૮ થી અમલી બનાવવામાં આવેલ છે. જે અંતર્ગત પ્રતિ સ્નાતક એપ્રેન્ટીસની ભરતી માટે રૂ.૩૦૦૦/-, પ્રતિ ડિપ્લોમા.

● એપ્રેન્ટીસની ભરતી માટે રૂ.૨૦૦૦/- અને પ્રતિ ડિપ્લોમાથી નીચેની કક્ષાના તમામ પ્રકારના એપ્રેન્ટીસની ભરતી માટે રૂ.૧૫૦૦/- નુ માસિક વળતર એકમોએ એપ્રેન્ટીસોને ચુકવેલ સ્ટાઈપેન્ડની સામે એકમોને આપવામાં આવે છે.

● નાણાંકીય વળતર આપી એપ્રેન્ટીસ ભરતી માટે એકમોને પ્રોત્સાહીત કરતી મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના (MATS) એ સમગ્ર ભારતમાં ગુજરાત સૌ પ્રથમ છે.

● વર્ષ ૨૦૧૬ માં Gujarat Urja Vikas Nigam Ltd. (GUVNL) ને મહત્તમ એપ્રેન્ટીસની ભરતી કરવા બદલ સરકારી એકમની કેટેગરીમાં Best Establishment નો એવોર્ડ ભારત સરકાર દ્વારા એનાયત કરવામાં આવેલ છે.